# પોલીસ સ્ટેશનમાંથી ચોરાયેલ વિદેશી દારૂ મામલે કોન્સ્ટેબલ સસ્પેન્ડ

અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસ સ્ટેશનના હદ માંથી શામળાજી પોલીસ જપ્ત કરેલ વિદેશી દારૂ માંથી ૭.૭૫ લાખનો વિદેશી દારૂ લૂંટ પ્રકરણમાં શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચૌહાણ ને ૪૮ કલાક બાદ ફરજમુક્ત કરાયા બાદ અન્ય પોલીસ કર્મચારી જીગ્નેશ કનુભાઈ



ગડાત ની બેદરકારી સામે આવતા જિલ્લા પોલીસવડાએ સસ્પેન્ડ કરી દેતા પોલીસતંત્રમાં ચકચાર મચી છે જિલ્લા પોલીસવડા શામળાજી પોલીસ સ્ટેશનમાં થી ચોરાયેલ વિદેશી દારૂ પ્રકરણ ઉંડાણ પૂર્વક તપાસ કરે તો મસમોટું કૌભાંડ બહાર આવે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસ સ્ટેશન હદ માંથી પ્રોહિબિશન એક્ટ હેઠળ જપ્ત કરેલ વિદેશી દારૂ ભરેલ કન્ટેનર માંથી ૭.૭૫ લાખના વિદેશી દારૂ ની લૂંટ ચલાવી લૂંટારુઓ અન્ય બુટલેગરોને વેચી દીધો ત્યાં સુધી અંધારામાં રહેલી શામળાજી પોલીસ ની કામગીરીથી લોકોમાં અનેક શંકા કુશંકાઓ પેદા થઈ હતી ડભોડા પોલીસે રીક્ષા માંથી પકડેલ વિદેશી દારૂ શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ જપ્ત કરેલ વિદેશી દારૂ હોવાથી શામળાજી દોડી આવી હતી અને સમગ્ર ઘટનાની જાણ થતા શામળાજી પોલીસ તંત્ર સહીત જિલ્લા પોલીસતંત્ર ઉંધા માથે પછડાયું હોય તેવો ઘાટ સર્જાતા ખાખી વર્દી માટે કલંક રૂપ ઘટના બનતા રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા પણ દોડી આવ્યા હતા ૧૦ થી વધુ ટીમો બનાવ્યા બાદ જિલ્લા એલસીબી પોલીસ ૨ આરોપીઓને ઝડપી પાડવામાં સફળ રહી હતી હજુપણ વિદેશી દારૂ લૂંટ પ્રકરણનો મુખ્ય આરોપી ગણેશ પોલીસ પકડ થી દૂર છે જિલ્લા પોલીસતંત્ર દ્વારા બાતમીદારો લગાવી વિવિધ વિસ્તારોમાં છાપા મારી ચાલુ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.



## ખેડબ્રહ્મામાં પોલીસે બજારમાં દબાણ હટાવ્યા

ખેડબ્રહ્મામાં રોજબરોજ વધતી જતી ટ્રાફિકની સમસ્યા સામે મંગળવારે પોલીસે લાલ આંખ કારી હતી. ખેડબ્રહ્મામાં સરદાર ચોક અને મેઈન બઝારમાં રોડ શીવાજીરોડ ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ ઉપરાંત જાહેર રોડ ઉપર આડેધડ પાર્ક કરતા વાહન ચાલકો વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં સ્થળ ઉપર જ ૫૫૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ૧૨ જેટલા લારી હટાવવામાં આવી હતી. ૪ વાહનો ડિટેન કરવામાં આવ્યા હતા. પી.એસ.આઈ. એ.ડી. પરમાર દ્વારા રોડ પર ટ્રાફિકની સમસ્યા વિરુદ્ધ કાર્યવાહી કરતા દબાણકર્તાઓમા ફફડાટ વ્યાપી ગયો હતો.

# પાલનપુરની શુકનગ્રીન સોસાયટીમાં તસ્કરો ત્રાટકયા

પાલનપુર ખાતે પારપડા રોડ નજીક આવેલી શુકનગ્રીન સોસાયટીમાં શનિવારે રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જેમણે ત્રણ બંધ મકાનોના તાળા તોડ્યા હતા. જે પૈકી એક મકાનમાંથી રોકડ રકમ તેમજ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ત્રીસ હજારના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. ચોરીની ઘટનાને પગલે રહિશોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી તસ્કર ટોળકીએ ધામા નાખ્યા હોય તેમ એક પછી એક ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે. જેમણે છાપી ખાતેથી રૂપિયા સાત લાખ ભરેલા એટીએમની ચોરી કરી હતી. આ ઉપરાંત ડીસામાં સંખ્યાબંધ દુકાનોના તાળા તોડ્યા હતા. જેની પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ત્યાં પાલનપુરની શુકનગ્રીન સોસાયટી માં પણ ત્રણ બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા. પારપડારોડ નજીક આવેલી શુકનગ્રીન સોસાયટીમાં તસ્કરોએ ત્રણ બંધ મકાનોના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં ૧૦૩ નંબરના મકાનમાંથી રૂપિયા દસ હજાર રોકડા તેમજ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી ફરાર થઈ ગયા હતા.

જોકે, મકાન માલિક દ્વારા આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી નથી. ચોરીની ઘટનાને લઈ સોસાયટીના રહિશોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે. દસ દિવસ અગાઉ બાજુની સોસાયટીમાં ચોરી થઈ હતી. શહેરના પારપડા રોડ નજીક આવેલી શુકનગ્રીન સોસાયટીની બાજુમાં આવેલી શુકન સોસાયટી માં પણ દસ દિવસ અગાઉ તસ્કરોએ ખાતર પાડી એક મકાનમાં ચોરી કરી હતી. ત્યારે અહિંયા રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી રહિશોની માંગ ઉઠવા પામી છે.

## પાલનપુર સિવિલમાંથી મોબાઈલ ચોર ઝડપાયો

પાલનપુર સિવિલ હોસ્પિટલમાંથી બે દિવસ પૂર્વે એક તબીબનું લેપટોપ ચોરાયું હતું. ત્યારે આજે ફરી એકવાર સિવિલમાંથી મોબાઈલ ચોરીને ભાગવા જતો એક ચોર રંગે હાથ ઝડપાયો હતો. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દર્દીના ખિસ્સામાંથી મોબાઈલ ચોરીને ભાગતો ચોર ઝડપાયો હતો. સિવિલ હોસ્પિટલના ગાર્ડ તુષાર પ્રજાપતિએ ચોરને પકડી પાડ્યો હતો. જે મોબાઈલ ચોર જોડેથી મોબાઈલ મળી આવતાં તેને પકડી પોલીસના હવાલે કર્યો હતો.

# શામળાજી એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલમાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગના દરોડા

શામળાજી, તા. ૭

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક આવેલી પ્રાયોજના વહીવટદાર હસ્તકની આદિજાતિ એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલમાં ૧૧ વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગ અસર થતા જીલ્લા વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું હતું. એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલમાં બાળકો માટે સરકાર દ્વારા દર મહિને ૧૪ લાખ રૂપિયા ભોજન પાછળ ગ્રાન્ટ આપવામાં છતાં રસોડાના કોન્ટ્રાક્ટરે હલકી કક્ષાનું અને ગુણવત્તા વગરનું મેનુ પ્રમાણે ભોજન પીરસવામાં ગેરરીતિ આચરવામાં આવતી હોવાની સાથે ગંદકીથી ખદબદતું રસોડાના સમાચાર પ્રકાશિત થતા જીલ્લા કલેક્ટરે તપાસના આદેશ આપવામાં આવતા સોમવારે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ફૂડ એન્ડ ડ્રગની ટીમ ત્રાટકી હતી અને બાળકોને ભોજનમાં અપાતા ભોજન અને ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાં આવ્યા હતા.





એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલના કોન્ટ્રાક્ટર અને રસોડાના કોન્ટ્રાક્ટર દ્વારા બચવા હવાતિયાં મારવામાં આવી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. સ્કૂલ સંચાલક અને સ્કૂલમાં રસોડું ધરાવનાર એજન્સીનો દબદબો દિલ્હી સુધી હોવાનું લોકો દ્વારા જાણવા મળ્યું હતું.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (ફૂડ એન્ડ ડ્રગ) તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સોમવારે એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલ, શામળાજી ખાતે ત્રાટકી હતી અને બાળકોને આપવામાં આવતા ભોજન સહીત ભોજન માટે ઉપયોગમાં લેવાતી ખાદ્યસામગ્રી અને તેલના નમૂના લીધા હતા અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા. રસોડામાં ખદબદતી ગંદકી અને ભોજન રૂમમાં રહેલી ગંદકી દૂર કરવા નોટિસ આપી હતી. ફૂડ એન્ડ ડ્રગના સૂત્રોના જણાવ્યા અનુસાર એકલવ્ય મોડેલ રેસીડેન્સી શાળામાંથી લીધેલ ખાદ્યસામગ્રી અને તેલના નમૂનાનો રિપોર્ટ ૧૫ દિવસમાં આવી જશે એમાં ગેરરીતિ પકડાશે તો રસોડાના કોન્ટ્રાક્ટરને નોટિસ આપવાની સાથે જરૂર પડે કોન્ટ્રાક્ટ રદ કરવા પણ સંબંધિત તંત્રમાં જાણ કરવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

# ઘડી ગામેથી પેરોલ પર આવેલ ફરાર આરોપીને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યો

### પોલીસે પકડીને હિંમતનગર સબજેલ ખાતે મોકલી આપ્યો

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઘડી ગામેથી પેરોલ ઉપર છુટેલ ફરાર આરોપીને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પીએસાઈ પી.એન. ઝાલા તથા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન ખાનગી બાતમી મળી કે ઈડર પોલીસ સ્ટેશનના ચીટિંગના ગુનામાં સજા ભોગવતો એક આરોપી ઘડી ગામમાં આવેલ છે. જે હકીકતવાળી જગ્યાએ જઈ તપાસ કરતા સદર આરોપી હાજર મળેલ જેને પૂછપરછ કરતા તેને પોતાનું નામ હેમંતકુમાર અમૃતલાલ પંડ્યા રહે. હાલ ઈડર, મૂળ રહે ઘડી, તા. પ્રાતિજવાળો હોવાનું જણાવેલ અને સદરને હાલ



કયા ગુનામાં સજા ભોગવી રહેલ અને ક્યારથી પેરોલ પર આવેલ છે એવી પૂછપરછ કરતા પોતે પેરોલ રજા તા ૩-૭-૧૮ થી ૧૮-૭-૧૮ સુધી મંજુર થયેલ અને ત્યારબાદ સદર આરોપી પેરોલ રજા પુરી થયા બાદ પરત જેલ પર હાજર થયેલ નહીં એવું જણાવેલ હોઈ જેનું વિગતવારનું નિવેદન લઈ સદર આરોપીને પકડીને કરી હિંમતનગર સબ જેલ ખાતે મોકલી આપ્યો હતો.



એક સદીની શિક્ષણ યાત્રા પૂરી કરી, બીજી સદીની શિક્ષણ યાત્રા શરૂ કરતુ મોડાસા કેળવણી મંડળ અને તે દ્વારા સંચાલિત મોડાસા હાઈસ્કુલ નવા ભવ્ય શૈક્ષણિક ભવનનું ખાતમુહુર્ત આજે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ ર. શાહ અને માનદમંત્રી પંકજભાઈ બુટલા અને કિરીટભાઈ કે. શાહ દ્વારા કરવામાં આવ્યું. નવું ભવનનો પ્રથમ ભાગ ૨ કરોડ અને ૫૦ લાખમાં તૈયાર થશે. આ ભવ્ય મકાનના પ્લાન આર્કિટેક દિલીપભાઈ સોનીએ તૈયાર કર્યા છે. આ પ્રસંગે નગરના અનેક શિક્ષણપ્રેમીઓ, પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા એસટી ડેપોના કર્મચારીઓએ પડતર પ્રશ્નો મુદ્દે કાળી પટ્ટી લગાવી વિરોધ નોંધાવ્યો

ડીસા, તા. ૭

ગુજરાત એસ.ટી ગુજરાત એસ.ટી મજદૂર મહાસંઘ તથા એસોસિએશન અધિકારી અને કર્મચારીઓને સરકારના નિયમ મુજબ



નિગમના અધિકારીઓ તથા કર્મચારીઓએ તેમના વિવિધ પડતર પ્રશ્નોના મુદ્દે ડીસા બસ સ્ટેશન ખાતે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગુજરાત એસટી નિગમના સંગઠનના કર્મચારીઓ અને અધિકારીઓએ તેમના પડતર પ્રશ્નોને લઈ સોમવારે કાળી પટ્ટી લગાવી વિરોધ નોંધાવ્યો હતો ડીસા બસ સ્ટેશન ખાતે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કસ ફેડરેશન, એસ.ટી.કર્મચારી મહામંડળ, ઓફ એસ.ટી.ઓફિસર્સના અધિકારીઓ તેમના પડતર પ્રશ્નોને લઈ કાળી પટ્ટી લગાવી વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે કર્મચારી મંડળના ડી.યુ.વોરાએ જણાવ્યું હતું કે સરકાર અમારા પડતર પ્રશ્નો જેવા કે વર્ગ ૧ થી ૪ સુધી તમામ અધિકારી-કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપે, ડ્રાઈવર-કંડકટર વર્ગ-૩ની કક્ષામા આવતા હોઈ તેમને મળવાપાત્ર તમામ લાભ આપવા, ફિક્સ પગારના પગારવધારો તેમજ વિવિધ ભથ્થાનો લાભ આપવા સહિત કુલ ૧૫ જેટલા પડતર પ્રશ્નો મુદ્દે કાળી પટ્ટી લગાવી અમે વિરોધ નોંધાવ્યો છે.

# ખેમાણા પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પાલનપુર તાલુકા પોલીસે ખેમાણા ટોલનાકા નજીકથી સોમવારે બાતમીના આધારે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી લીધી હતી. આ અંગે રૂપિયા રૂપિયા ૩.૦૩ લાખના મુદ્દામાલ સાથે રાજકોટના ત્રણ શખ્સોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલનપુર તાલુકાના ખેમાણાપાસે બાતમીના આધારે તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે સોમવારે બપોરના સુમારે વોચ ગોઠવી હતી. જ્યાં રાજસ્થાન તરફથી આવતી કાર નં. જીજે. ૧૦. એ.પી. ૦૭૩૭ને ઉભી રખાવી તલાસી લેતાં અંદરથી રૂપિયા ૨૮,૮૦૦ની વિદેશી દારૂની પેટી નંગ ૬ બોટલ નંગ ૭૨ મળી આવી હતી. આ અંગે રૂપિયા ૩,૦૦,૦૦૦ની કાર તેમજ રૂપિયા ૧૦૦૦ના મોબાઈલ મળી કુલ રૂપિયા ૩,૦૩,૮૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને રાજકોટના દિપક રમેશભાઈ બદરખીયા, રોહિત જયંતિલાલ અગ્રવાલ તેમજ જામનગરના ધ્રોળના લલીત પ્રેમજી પારધીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુર રેલવે સ્ટેશન પાસે ટ્રેન નીચે પડતું યુવકનો આપઘાત

પાલનપુર રેલવે સ્ટેશન નજીક સોમવારે એક યુવકે કોઈ અગમ્યકારણોસર ટ્રેન નીચે ઝંપલાવી જીવનનો અંત આણતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તા મોડાસા-નડિયાદ ટ્રેનમાં મુસાફરી કરી રૂટનું ઈન્સ્પેકશન કર્યું

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રેલવેની સુવિધા શહેરીજનો માટે પાપા પગલી સમાન હોય તેમ દરરોજ એક ટ્રેન મોડાસાથી નડિયાદ અને નડિયાદથી મોડાસા દોડાડવામાં આવે છે. મોડાસાથી વાયા શામળાજી ઉદેપુર ટ્રેન માર્ગે જોડવા માટે વારંવાર રજુઆતના પગલે મંજુર થયેલ રેલ માર્ગ સર્વેની કામગીરીમાં અટવાતા હજુ કેટલાક વર્ષો સુધી ટ્રેન સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. મોડાસા-નડિયાદ લોકલ ટ્રેનમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તાએ મુસાફરી કરી રૂટનું નિરીક્ષણ કર્યું હતું તેમજ મોડાસાથી શામળાજી રૂટને લંબાવવા અધિકારીઓ સાથે મિટિંગ યોજી હતી.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તાએ નડિયાદ-મોડાસા વચ્ચે ચાલતી ટ્રેનનું ઈન્સ્પેકશન કર્યું હતું. આ ઈન્સ્પેકશનનો મુખ્ય ઉદ્દેશ્ય મોડાસા-શામળાજી રૂટને જોડવાનો પણ હતો. આ અંગે જનરલ મેનેજર અધિકારીઓ સાથે ચર્ચા પણ કરી હતી. તેમણે નડિયાદથી મોડાસા આવતી ટ્રેનમાં બેસી સમગ્ર



ટ્રેન રૂટનું જાત નિરીક્ષણ કરી કેટલીક સુવિધાઓ વધારવાની દિશામાં નિર્દેશ પણ કર્યા હતા.

આ સાથે જ નડિયાદ-મોડાસા વચ્ચે ૬૫ જેટલા ક્રોસિંગ ગાર્ડ વિનાના છે, જે સંપૂર્ણપણે હટાવવા માટેનું રેલવે વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય હોવાનું જણાવ્યું હતું. આ પ્રકારના ક્રોસિંગ પર ગાર્ડ મુકવામાં આવે અથવા તો અન્ડરપાસ બનનાવવાની દિશામાં રેલવે વિભાગ દ્વારા વિચારવામાં આવી રહ્યું છે. તદઉપરાંત શામળાજી સુધી જે રેલવે લાઈન લંબાવવાની વિચારણા છે તે ધ્યાનમાં રાખીને આગળની સુવિધાઓ વધારી શકાશે અને આ સ્ટેશનને હાલના સ્ટેશનને શિફ્ટ કરવામાં આવશે. આ સાથે જ હાલના સ્ટેશન પર કેટલીક પ્રાથમિક સુવિધાઓ વધારવાની પણ જનરલ મેનેજરએ જણાવ્યું હતું. આ ઈન્સ્પેકશનમાં વડોદરા ડીઆરએમ પણ ઉપસ્થિત રહ્યા હતા રેલવેના ઉપસ્થિત અધિકારીઓને મુસાફરોને પ્રાથિમિક સુવિધાઓ મોડાસા રેલવે સ્ટેશનમાં પુરી પાડવા દિશાનિર્દેશ કર્યા હતા.

# નોટબંધી ટાણે જમા થયેલી પાલનપુરની એસબીઆઈમાં ૨૩,૫૦૦ની નકલી નોટો મળી

### આરબીઆઇ દ્વારા જાણ કરવામાં આવતાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ

ભારત સરકાર દ્વારા રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધી કરવામાં આવી હતી.અને જુની નોટો બેંન્કમાં જમા કરવવા માટે જણાવવામાં આવ્યુ હતુ.તે સમયે એક શખ્સ પાલનપુરની જુદી-જુદી સ્ટેટ બેંન્કની શાખાઓમાં ડુપ્લીકેટ નોટો જમા કરાવી ગયો હતો. જે આરબીઆઈના ધ્યાને આવતા સ્ટેટ બેંન્કને જાણ કરવામાં આવી હતી. જેથી એસબીઆઈના કર્મચારીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોધાવી છે.

ભારત સરકાર દ્વારા રૂ.૫૦૦ અને હજારની ચલણી નોટો બંધ કરવામાં આવી હતી.અને જુની નોટો બેંન્કમાં ભરવા સુચન કરવામાં આવ્યુ હતુ. જેનો લાભ લઈ એક શખ્સે એસબીઆઈની જુદી-જુદી શાખાઓમાં જઈ ૫૦૦ ના દરની ડુપ્લીકેટ નોટો ખાતામાં જમા કરાવી હતી. જેથી એકત્ર થયેલ નોટાના બંડલો આરબીઆઈને મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૫૦૦ના દરની ૪૭ નોટો રૂ.૨૩,૫૦૦ ડુપ્લીકેટ હોવાનું બહાર આવ્યુ હતુ. જેથી આરબીઆઈ વિભાગ દ્વારા આ અંગેની જાણ એસબીઆઆની મુખ્ય શાખામાં જાણ કરી હતી. જેના પગલે એસબીઆઈના કર્મચારી ખંડુભાઈ ભગાભાઈ પટેલે પૂર્વ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

**આરબીઆઈ દ્વારા બેંકને તુરંત જાણ કરી પેનલ્ટી ફટકારી હતી**

આ અંગે ખંડુભાઈએ જણાવ્યું હતું કે, અહીંથી નોટો મોકલાવ્યા બાદ તરત જ નકલી નોટો તેમના ધ્યાને આવી હતી. અને વર્ષ ૨૦૧૬માં બેંક પાસેથી પેનલ્ટી પણ વસુલવામાં આવી હતી. જોકે, આ અંગેની પ્રોસેસ લાંબી હોવાથી હવે બેંકને જાણ કરવામાં આવી છે.

# પ્રાંતિજ ગોપીનાથ કોમ્પલેક્સ પાસે પાર્ક કરેલ છોટા હાથી ચોરાયું

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગોપીનાથ કોમ્પલેક્સ આગળ પાર્ક કરેલ છોટાહાથી (ડાલુ) કોઈ અજાણ્યાં ઈસમો ચોરી જતાં છોટા હાથીના માલિક દ્વારા પોલીસ ફરીયાદ થઈ હતી. પ્રાંતિજના ગોપીનાથ કોમ્પલેક્સમા પાર્ક કરેલ ટાટા એસ કંપનીની કથ્થઈ કલરની છોટાહાથી ગાડી નંબર જીજે૮ઝેડ.૩૫૭૭ જેનો એન્જીન નંબર- 275IDIO6DXYS78047 તથા ચેસીસ નંબર- MAT445056CZ34284 ની આશરે કિંમત- ૧,૫૦,૦૦૦ ની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતા છોટાહાથી (ડાલા) માલિક અફતાબહુસૈન ભીખુમીયા કુરેશી રહે. જબુચોરા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યાં ચોર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરતા પોલીસે અજાણ્યા ડાલા ચોર વિરૂધ્ધ ફરીયાદ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી.